**ફોજદારી મુકદ્દમા નં. ૨૦૦૦૪૦૧/૨૦૧૦**

**:– આંક – ૧ ની અરજી હેઠળ હુકમ –:**

આ કામે આરોપીઓ વિરૂઘ્ધ ઈ.પી.કો.કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨), ૧૧૪ મુજબની ચાર્જશીટ કરાયેલી છે. ચાર્જશીટના કોલમ નં. ૫ માં જણાવેલ છે કે આરોપીએ જાનથી મારી નાંખવાની ધમકી આપેલી પરંતુ ફરિયાદીની ફરિયાદ અને સાહેદોના નિવેદન જોવામાં આવે તો બનાવમાં આરોપીએ જાનથી મારી નાંખવાની ધમકી આપ્યા બાદ ફરીયાદી અને સાહેદોની રોજીંદી ક્રિયામાં કોઈ અડચણ ઉભી થયેલી હોય તેમ જણાતુ નથી. ઈ.પી.કો.કલમ–૫૦૬(૨) ગુનો કયારે બને તે અંગે જોવામાં આવે તો……

ઈ.પી.કો.કલમ–૫૦૩ ની જોગવાઈ ઘ્યાને લેવી જરૂરી છે જેમાં ઈ.પી.કો.કલમ–૫૦૩ માં જણાવેલ છે કે જો કોઈ વ્યકિત, બીજી કોઈ વ્યકિતને તેના શરીર, આબરૂ કે મિલકતને અથવા જે વ્યકિતમાં તે બીજી વ્યકિત હિત ધરાવતી હોય તેના શરીર અથવા આબરૂને હાનિ પહોંચાડવાના ઈરાદાથી ધમકી આપે કે જેથી તે વ્યકિત ભયભીત થાય અથવા એવી ધમકીનો અમલ થતો અટકાવવા માટે પોતે જે કરવા કાયદેસર બંધાયેલ ન હોય તે કામ કરે અથવા જે કરવાનો પોતે કાયદેસર હક હોય તે કામ ન કરે, તેણે તે વ્યકિતને ગુનાહિત ધમકી આપી ગણાય.આમ આ કામે આરોપીઓ વિરુઘ્ધ ફરિયાદી તથા સાહેદોને જાનથી મારી નાંખવાની ધમકી આપવાનો આક્ષેપ છે તેના સંબંધમાં જોઈએ તો ધમકીભર્યા શબ્દોની ફરિયાદી અને સાહેદો ઉપર શુ અસર થયેલી તે જણાઈ આવતુ નથી. આરોપીઓએ આપેલી ધમકીના કારણે ફરિયાદી અને સાક્ષીઓ જે કાયદેસર કરવા બંધાયેલા હતા તે કામ કરતા અટકેલ હોય અથવા જે કામ કાયદેસર રીતે કરવા બંધાયેલ નથી પરંતુ આવી ધમકીના કારણે તેવુ ગેરકાયદેસર કામ કરવુ પડેલ છે તેવી કોઈ વિગત નિવેદન ઉપરથી જણાઈ આવતી નથી એટલુ જ નહિ પણ આ ધમકીના કારણે ફરિયાદી અને સાહેદો ભયમાં મુકાયેલ હોય તેવી કોઈ માત્રા નિવેદનમાં જોવા મળતી નથી. જેથી ના.પંજાબ અને હરિયાણા હાઈકોર્ટનો ચુકાદો રાજેન્દ્રદત્ત વિ.સ્ટેટ ઓફ હરિયાણા,૧૯૯૩, ક્રિ.લો.જ.,૧૦૨૫ માં જણાવેલ છે કે ફરિયાદી ભયમાં મુકાયેલ ન હોય તો માત્ર શબ્દ ઉચ્ચારવા તે આ કલમ મુજબનો ગુનો બનતો નથી. અત્રેના કેસમાં પણ આરોપીના ધમકીભર્યા શબ્દથી ફરિયાદી કે સાહેદો ભયમાં મુકાયેલ હોય તેવી કોઈ વિગત જોવા મળતી નથી. જેથી આરોપીઓને ઈ.પી.કો.કલમ–૫૦૬(૨) ના ગુનાના કામે સી.આર.પી.સી.કલમ–૨૩૯ મુજબ ડીસ્ચાર્જ કરવા માટે ફીટ કેસ જણાય છે.

આ કામે આરોપીને ઈ.પી.કોડની કલમ–૫૦૬ ના કામે ડીસ્ચાર્જ કરેલ છે જયારે બાકીની કલમ પુરતો કેસ પેન્ડીગ છે. જે ગુનો હવે સમન્સ ટ્રાયેબલ ગુનો બની રહે છે. કેસનું રોજકામ જોવામાં આવે તો આરોપી સામે સમયાંતરે અને વારંવાર કોર્ટે પ્રોસેસ કાઢવામાં આવેલા છે,પરંતુ આરોપીની સામે કાઢવામાં આવેલ પ્રોસેસ પોલીસ તરફથી બજવણી થયેલ નથી/વગર બજે પરત ફરેલ નથી કે આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે. આમ,સદર કેસ ઘણા લાંબા સમયથી આરોપીની ગેરહાજરીને કારણે પેન્ડીગ છે,જેથી ન્યાયિક કાર્યવાહી આગળ ચાલી શકતી નથી. આથી આરોપીને અદાલત સમક્ષ હાજર કરવા બાબતે પોલીસ તંત્રને હવે વધુ તકો આપવી ઉચિત જણાતું નથી.

<u>પી.રામચંદ્ર વિ.કર્ણાટક રાજય–૨૦૦૨(૨)જી.એલ.આર.પાના નં.૧૫૪૯</u> ઉપર પ્રસિધ્ધ થયેલ નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં માનનીય સાત ન્યાયાધીશોની ખંડપીઠે ઠરાવેલ છે "The Criminal Court should exercise their available powers such as those under sections 309,311,258 of the Code of Criminal Procedure,1973 to effeetuate the right to speedy trial. આ ઉપરાંત આપણી નામદાર હાઈકોર્ટના પત્ર નં.૨૯૧૭/૨૦૦૬,તા. ૧૭.૧૦.૨૦૦૬ માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા નીચલી અદાલતોને એવી સુચના આપવામાં આવેલ છે કે, આરોપીઓને અદાલત સમક્ષ હાજર રખાવવા બાબતે અદાલતો પોલીસ તંત્રને મર્યાદિત તકો આપી યોગ્ય કિસ્સાઓમાં સી.આર.પી.સી.કલમ : ૨૫૮ અન્વયે મળેલ સત્તાઓનો ઉપયોગ કરે.

આથી,કેસની હકીકતો,કેસની ન્યાયિક કાર્યવાહીનો પ્રકાર તેમજ આરોપીની હાજરી મળી આવતી ન હોય તેમજ પોલીસ તંત્ર આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવવામાં નિષ્ફળ નિવડેલ હોય અને હવે વધુ સમય પોલીસ તંત્રને આપવો ઉચિત જણાતો ન હોય,નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોક્ત ચુકાદામાં આપેલ ગાઈડલાઈનને ધ્યાને લેતાં અત્રેની અદાલતને ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ ની કલમ : ૨૫૮ની જોગવાઈ અન્વયે કેસની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવે છે.આથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

<u>:: હુ ક મ ::</u>

૧. ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૩૯ મુજબ આરોપી/આરોપીઓને આઈ.પી.સી.કલમ–૫૦૬(૨) ના કામે ડીસ્ચાર્જ કરી છોડી મુકવામાં આવે છે જયારે બાકીની કલમનો ગુનો સમન્સ ટ્રાયેબલ હોવાથી ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ ની કલમ : ૨૫૮ મુજબ આરોપી/આરોપીઓ સામેના કેસની આગળની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપી/આરોપીઓના જાતમુચરકો તથા જામીનખત રદ કરવામાં આવે છે.જો આરોપીએ જામીનગીરી પેટે રોકડ રકમ જમા કરાવેલી હોય તો તે રકમ નાઝરશ્રીએ ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ ની કલમ : ૪૪૬ અન્વયે સરકારશ્રી ખાતે જમા લેવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામે કબજે લીધેલ મુદ્દામાલ અંગે જો વચગાળાનો હુકમ અગાઉ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે.અન્યથા બીનકિંમતી મુદ્દામાલ નાશ કરવો અને કિંમતી મુદ્દામાલ જેવી કે રોકડ રકમ સત્વરે સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સદરહુ હુકમ આજ તારીખઃ 14 મી, માહે. સપ્ટે સને– ૨૦૨૪ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

સ્થળઃઅમદાવાદ.
તા.૧૪/૦૯/૨૦૨૪

**(વી. એ. ધાધલ)**
**જી.જે. ૦૦૮૯૧**
૬ઠ્ઠ્ઠા એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર.